काव्य चन्द्रोदय.

લેખક

શંકરલાલ મગનલાલ વ્યાસ.

નાંદોલ.

(ઉત્તર-ગુજરાત)

પ્રકાશક

શંકરલાલ મગનલાલ વ્યાસ.

નાંદોલ.

(ઉત્તર-ગુજરાત)

પ્રથમાવૃત્તિ. પ્રત ૭૦૦

સને ૧૯૧૪

અમદાવાદ.

પીરમસા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિગ પ્રેસમાં

લલ્લુભાઈ ઈશ્વરભાઈએ છાપ્યું.

કિંમત, બે આના.

ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો !

એ એકજ પુસ્તકમાં લગભગ પોણાબસેં એવા દેશી અને ગામડામાં પણ મળી શકે તેવા ઇલાજો દર્શાવ્યા છે કે ા તે જાતના ઝેરી પ્રાણીના કરડવાથી કે કોઇ ઝેરી ચીજ ાાવામાં આવ્યાથી ચઢેલું ઝેર તુરતજ ઉતારી શકાય છે. અસંખ્ય સર્ટિફિકેટોમાંથી માત્ર બેજ વાંચો:—

સુપ્રસિદ્ધ "વિવેચક" માસિક કહે છે કે "ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો" એ પુસ્તક નાનું છે પણ તેની અંદરના ઉપયોગી વિષયોથી અમુલ્ય છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી. જુદાં જુદાં ઝેરી પ્રાણીઓનાં ઝેર ઉતારવા અનેક ઉપાયો તેમાં સાદા ઘરગતુ અને તુરત મળી શકે તેવા આપવામાં આવ્યા છે, તેથી આ પુસ્તક દરેક માણસે પોતાની પાસે રાખવા જેવું છે.

માનવંતુ "प्रातःकाल" માસિક કહે છે કે "ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો" એ પુસ્તક નાનું સરખું છતાં તેમાં તમામ ઝેરી જનાવરોનાં તથા તમામ ઝેરી વસ્તુઓનાં ઝેર ઉતારવાના અનેક ઉપાયો દર્શાવવામાં આવ્યા છે, જેથી કરીને કોઇ પણ પ્રસંગે કોઇ પણ સ્થાનમાં ઉપયોગ થઇ શકે તેમ છે. આ પ્રકારનો સંગ્રહ કરવામાં લેખકે ઘણો પરિશ્રમ કર્યો જણાય છે અને તે પરિશ્રમના પરિણામમાં પુસ્તક લોકોપયોગી થઇ પડેલુંજ છે. વગેરે.

વહેલો તેજ પહેલો ! નકલો જુજ શીલકે છે. કિંમત માત્ર બે આના "કાવ્યચન્દ્રોદય" સાથે મંગાવનારને બન્ને પુસ્તકો ફક્ત ત્રણ આનામાં.

પત્ર વ્યવહારનું ઠેકાણું:—

શંકરલાલ મગનલાલ વ્યાસ.

નાંદોલ. (ઉત્તર–ગુજરાત.)

પ્રસ્તાવના.

અવકાશના સદુપયોગ તરીકે લખાયલાં કંઈક બાગી-તુટી ભાષા વાળાં કાવ્યોના સંગ્રહ રૂપી "કાવ્ય ચન્દ્રોદય" એ પુસ્તક તેના પ્રિય પાઠકોના કોમળ હસ્તમાં મૂકતાં રંક સેવકને જે આનંદ થાય છે તે બદલ લેખક જગતનિયંતાનો આભારી છે.

લેખક કંઇ ભારે કવિ કે વિદ્વાન હોવાનો આડંબર કરતો નથી, પણ એટલી તો આશા રાખે છે કે શક્તિહીન સિંહબાળ હેની ભારે ઉર્મીઓ હોવા છતાં બાલ્યાવસ્થા જેમ તેને આગળ જતાં ખાળે છે; તેમ લેખક તરીકેની ઉભરાઇ જતી ઉર્મીઓને અવકાશાભાવ ને નિર્ધનાવસ્થા એ વિપત્તિઓ વેગળી ખસવાનો વખત મળતાં ખરૂં સ્વરૂપ પ્રકાશમાં લાવવાને કોઇ દિવસ કૃપાળુ પ્રભુ વખત આપશેજ !

એક સ્નેહીએ બોધરૂપી કહેલા શબ્દોમાં કહ્યું તો "ભારે વાજીંત્રોમાં નાનું બીગલ પણ કંઇક ધ્વની કરશે !" એ વાક્ય પણ કદી વિસરી જઉ હેવું નથી. ને તેથીજ ઉપરોક્ત લખવાની હિંમત ધરી શક્યો છું. કિંબહુના ! ! !

લી. વિદ્વાનોની ચર્ણરજ.

શંકરલાલ, મગનલાલ; વ્યાસ. (ઉર્ફે) "શશિકાન્ત."

"ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો" તથા "દિવ્યકિશોરી" ઇત્યાદી ગ્રન્થોના લેખક.

"काव्यचन्द्रोदय रहस्य १"

લેખક. શંકરલાલ મગનલાલ વ્યાસ. નાંદોલકર.

इष्ट स्तुति.

ધનાશ્રી.

તું મારો આધાર,
કૃપાસિંધુ તું મારો આધાર !
ધ્રુ૦
જાણુ અજાણે બહુ ભુલ થાતી,
હું છું રંક ગમાર;
કૃપાસિંધુ૦
બહુએ દોષો થતા ભુલાવ્યા,
હવે પછીજ થનાર-
કૃપાસિંધુ૦
અગમ બુદ્ધિ આપી અમોને,
કુસંપી થાતાં વાર;
કૃપાસિંધુ૦
અઘોર પાપ જે જોઈ કરેછે,
કુંભી પાક જનાર;
કૃપાસિંધુ૦
" शशिकान्त " કે કૃપા કરેતો,
રટન રામ થનાર;
કૃપાસિંધુ૦

इष्ट वंदन.

શાર્દુલ વીક્રિડીત છંદ.

જેણે દેહ ધરી અને જગતમાં કીધી કંઈ નામના,
જેના કાર્ય તણા રૂડા અનુભવે દુઃખો જતાં દીનનાં;
જેનું નામ રટે જનો પ્રતિ દિને મૂકી બધી ફંદના,
એવા એ ધિરવીર સત્પુરૂષને પ્રેમે કરૂં વંદના.

ઉપેન્દ્ર વજ્ર.

દિનો દુઃખોં સ્નેહ થકોં સ્મરેછે,
જગે વને જેહ સદા ફરેછે;
ગણ્યોં ભલો લાખતણોજ હીરો;
અને લઇ હાથ થયો અધીરો.

શાર્દુલ.

જન્મ્યો જીવ નથી અહીં જગ વિષે આગે કીધું દુષને,
રાત્રી ક્યાંઇ સુતો અને રમતમાં ઉંધ્યો ભુલી શુદ્ધને;
ચિંતા રોજ ધરી છતાં શિથિલતા સેવેજ ગોવિંદના!
એવાએ ધિરવીર સત્પુરૂષને પ્રેમે કરૂં વંદના.

૩ મારા ભેખ.

ગઝલ.

નહો કફની નથી ઝોળી,
અમારે રાખને ચોળી;
નથી યોગી થવું યારો,
અમારો ભેખ છે ન્યારો.. ધ્રુ૦

કહેછે કોઈ સંસારે,
નથી વ્હાલું થતું મારે;
સ્મરોને પ્રાણથી પ્યારો,
અમારો ભેખ છે ન્યારો. નહિ૦

બની બેહાલ સંસારે,
ફરીશું દુઃખને આરે;
નથી સંતાપ ધોનારો,
અમારો ભેખ છે ન્યારો. નહિ૦

અમારા ટેકને માટે,
ફરીશું વાટને ઘાટે;
શીરે ભક્તિ તણો ભારો,
અમારો ભેખ છે ન્યારો. નહિ૦

ભલે માર્ગો હશે ભારી !
કદિના બેસશું હારી !
પ્રભુ દે જ્ઞાન ભંડારો
અમારો ભેખ છે ન્યારો. નહિ૦

दिव्य टहुका !

(ઓધવજી સંદેશો કે'જ્યો શ્યામને. એ લય.)

કોયલડી કરતીરે ટહુકો રા...નમાં,
ગાતી સુંદર મનહરણું રે ગા...નજો—ધ્રુવ૦
ભુલી અને વસવાના નગરે ભા...નને,
બની ઝુલેછે ગાન મહીં ગુલતા...નજો-કોયલડી.
વનફુળ ઇચ્છી વાસ કર્યોછે રા...નમાં,
ગાન મધુરૂં સુણતાં ભુલું ભા...નજો-કોયલડી.
શ્યામ શરીરે શરમાતી જો હોયતો,
આશ્વાસન હઊંશું રે ! મીઠી મો...રલી-કોયલડી.
થકી મનોહર કંઠ ચહે દુનીયાં...તને,
આવીને વસતીજા કો'દિ આં...ગણુ-કોયલડી.
રાતલડી રમતી રે ! વનને તું...ભુલી,
આપીજાને કાવ્યસુધારસ પા...નજો-કોયલડી.

व्यास विजय !

દ્રુત વિલંબીત.

ખરર શબ્દ કરી ક્ષરિકા જતી,
નરમ નંદપુરી કહિ ના થતી;
પરમ વ્યાસ પદે વિનયી કર્યા,
મનન ગ્રંથ વડે વિજયી ઠર્યા.

अमारी भिक्षा !

ગઝલ.

અમેતો યાર ભિક્ષુકો,
　　હરિનું નામ માગીને;
સદા ફરીએ લઈ ઝોળી,
　　પ્રભાતે રોજ જાગીને. ધ્રુ૦

અમે લઇશું ભલી ભિક્ષા,
　　સદા સંતો કને જઇશું;
લઈ ભક્તિતણી ભિક્ષા,
　　ભલા યોગી અમે થઈશું. અમે૦

ભલી ભિક્ષા અમારી એ,
　　સદા યાચુ રીઝી નેનાં;
કદીના યાચવું જગ્તે,
　　કદી ઇચ્છું બીજીને ના. અમે૦

ભુખે રે'વું પડેના ને,
　　દુઃખો સે'વાં પડે ના કો;
રહીને ભક્તની સાથે,
　　કરૂં ભક્તિ તણી હાંકો. અમે૦

હરિ ભક્તિ તણા ગાને,
　　અમે ઇચ્છી ભલી ભિક્ષા;
વિના વસ્ત્ર પલટાયે,
　　લીધી વ્યાસે રૂડી દિક્ષા. અમે૦

મનુષ્યા જન્મ શા માટે !

લલિત.

ગજબ શો કરે ! જીતતો નથી,
તરૂણ હાથમાં બાજી છે બધી.
તનમહીં બધે પ્રભુજી જુઓ !
અરર ! આ બધો લાભ શું ખુઓ? ૧

કરમ રે ! ઘણાં શાં ભલાં કરી,
જનમ તાહરો આ થયો ફરી;
ઉચિત જો હવે તું ભુલી જશે,
ગરીબ જીવની શી ગતી થશે ! ૨

પરમ જ્ઞાનનો દેહ આ તને,
જરૂર તાહરા જીવને ગમે;
નરમ ના હવે તું થઇ જતો,
કરીશ તું ઘણું જેહ ધારતો. ૩

પરમ અર્થનું સાધીલે બધું,
કુદરતે તને દીધું છે બધું;
નહિ જરી હવે થોભશો અરે !
રમતમાં જશે દિનતો ખરે ! ૪

પરમ ભક્તિને ના હવે ભુલે,
વગર કિંમતે તે તને મળે !
ભજન ભાખજે તું હરેહરે,
લલિત આ નવો હિત "શંકરે." ૫

સંત શરણું !

પ્લવંગમ.

શાંત ચરણની માંય સરિતા જાણીએ,
કર કામધેનું જાણ મનજે આણીએ;
રવિ ઉદયથી અસ્ત સંતો આનંદી છે,
લાગે ન મન ઉદાસ નહિ મતી મંદી છે. ૧.

લગની સંતો સાથ લગાડો પ્રેમથી,
મને ધરો ઉલ્લાસ ઘણાએ નેમથી;
ગર્વ ધરો નહિ કાંઇ સંત શરણે જતાં,
નક્કી હૃદય માંહી ભક્તિ બીજે હતાં. ૨.

લાવણ્ય સંત અનુપ જણાવે હર્ષથી,
લગની થાતાં પાપ જતાંરે' સ્પર્ષથી;
વ્યાઘ્ર સિંહો સાથ સંતો રે'છે ભલા !
ભક્તિ ઓછી કેમ હશે ! પ્રેમી ભલા ? ૩

કવિની પીછાન. !

શાર્દુલ વિક્રીડિત.

વ્યાસે નામ ધર્યું કંઇ અવનવું .કીધી જગે નામના,
ગ્રંથો બોધ તણા રચ્યા જગતમાં જેણે બહુ કામના;
લક્ષ્મીરામ હતાજ નંદપુરીના જ્ઞાતે સ્મર્યા જ્ઞાનમાં,
એ'વાએ ધિરવીર સત્પુરૂષના પૌત્રો વદે ગાનમાં.

વાહ્યાડંબરી ભક્તો.

હરિગીત.

ભક્તો કંઇ ઠગ ભાવથી પ્રતિદિન ભક્તિ આદરે;
કહો કંઈ વેઠયા છતાં કંઇએ પ્રભુમય ના જડે;
યોગી કંઇ ભક્તો થતાં ભોગી થતા અહીંયાં જડે;
ઐશ્વર્યતાના અંશથી એ કાર્યકર નજરે પડે. ૧
સંતો કંઇ સેંતા ઉપાધી નગ્ન દીસે જો જડે,
આધ્યાત્મની વૃત્તિ છતાં બહુ અજ્ઞ આર્યો આથડે;
એવા કંઇ ભપકા થકી કિરતાર નહિ આવી મળે,
ઐશ્વર્યતાના અંશથી એ કાર્યકર નજરે પડે. ૩

ધિક્કાર !

શાર્દુલ.

જેને દેહ ધરી કદી જગતમાં સંતોષ ના આવડયો,
તૃષ્ણા રોજ કરી અને વિષયની રાતો મહીં આથડયો;
દીધો બોધ ઘણો નથી શરમના–પીછયો કદી કા'નને,
એવો પુત્ર છતાં ધરી અડગને ધિક્કારવો શ્વાનને. ૧.

૫૩૦૨

પ્રેમની પ્યાલી !

ગઝલ.

રૂપેરી રંગની પ્યાલી,
    ગ્રહીશું હાથમાં ઝાલી;
કરૂંશું પ્રેમથી ખાલી,
    ભલી આ પ્રેમની પ્યાલી ! ધ્રુવ૦

અરે ખાસા રૂડા દિને,
    નથી ઇચ્છી હૃદય ખિજે !
ગ્રહીશું પ્રેમથી ઝાલી,
    ભલી આ પ્રેમની પ્યાલી ! રૂપેરી૦

રૂડા કંઈ પ્રેમ છલકાયે,
    પીયુના હોઠ મલકાયે !
ધ્રુજેછે હાથ શું ખાલી ?
    ભલી આ પ્રેમની પ્યાલી ! રૂપેરી૦

મીરાંએ પ્રેમથી પીધી,
    અડગથી હાથમાં લીધી
હળાહળ ઝેરની પ્યાલી !
    ભલીઆ પ્રેમની પ્યાલી. રૂપેરી૦

સદાહો પ્રેમથી પુરી,
    કહીના હું મરૂં ઝુરી
દવા દિર્ધાયુની પ્યાલી,
    પીયુના પેટમાં ખાલી ! રૂપેરી૦

યુવતીને !

હરિગીત.

કંકણુ તણી સૌંદર્યતા શોભે ભલી જે મહી વિષે,
કુળવંતી એ શુભ કામની દિસે ભલેરી શી રીતે !;
ચંદ્રવદની શોભતી નિજ શિયળ વૃતની છાપથી;
દાને રૂડાં દાનો અને નિજ પુન્યના પરતાપથી. ૧
જે કામની જન્મી જનેતા સાથમાં ભટકે સદા,
ઠામે ઠરીના બેસતી નહિ રીઝવે પતિને કદા;
લાવણ્ય તે શા કામનું ! જો નહિ બની તે પતીવૃતા,
લગની લગાડી નાથશું નિજ કંથ ના સેવે કદા. ૨
શાણી બની જે પતિવૃતા ધારે ધણીના ટેકને,
હરી હાથ ઝાલી તારશે લાખો સતિમાં એકને;
સ્થળ શાન્તને આવેશમાં સુખે રમે જે પ્રેમદા,
લગ્ને વરીને જગતમાં દિર્ધાયુ રે'જો સર્વદા. ૩
આખો દિવસ ભટકયાં કરે નિજ કંથશું બોલે નહિ,
ગર્વે ધરી લટકયાં કરે વૈકુંઠમાં કો' લે નહિ;
લોભી અને કંઈ લાલચુ આ'વી રીતે અથડાયછે,
" ડરતા રહો નિજ નાથથી " એ મંત્ર અહીં
શિખવાયછે. ૪

" શશિકાન્ત. "

પ્રેમ મસ્તી !

ગઝલ.

અમેતો પ્રેમ મસ્તાની,
પ્રભુનું ગાન ગાવાના !
ભલે રીઝો ભલે નીંદો !
ભલાં ગીતો સુણાવાના ! ધ્રુવ૦

ત'મે કે'શો ગમે તે'વું,
કદી ના ધ્યાન ધારીશું !
અમારી પ્રેમની મસ્તી,
સદા ધ્યાને વિચારીશું ! અમે૦

ગરિબીછે ઘણી સારી,
ચહું ના શ્રેષ્ઠ થાવાને;
નથી હું પ્રેમથી ચ્હાતો,
પ્રભુ ભક્તિ મૂકાવાને ! અમે૦

ભલી મસ્તી પ્રભુ ભક્તિ,
નથી મસ્તી જુવાનીની !
અને ગાંડા ગણાવાને,
નથી મસ્તી દીવાનીની !! અમે૦

ગીતો આ પ્રેમનાં ગાતાં,
ભલો ભાનુ વી'વાનો છે;
ભલે ગાંડો ભલે ઘેલો,
ભલે કે'જો દીવાનો છે !!! અમે૦

સ્મશાનિય વૈરાગ્ય !

હરિગીત.

આપત્તિના આ કાળમાં દુઃખે બહુ રડતા જડે,
સંસારની આ ઝવાળમાં ઘેરાયલા નજરે પડે;
ચિંતા અને ઉપાધીનો આ અંત શાથી કાઢવો,
એદી અને કો આળસુ વૈરાગ્ય શોધે લાડવો. ૧

સ્નેહી તણું મૃત્યુ થતાં શુભચિંતકો રડતા જડે,
ગત સ્નેહીનાં એ બાળકો શાના થકી સુખે પડે;
નહિ હાથ ધરતાં ઉદ્યમો નિજ વખત વાતે કાઢવો,
એદી અને કો આળસુ વૈરાગ્ય શોધે લાડવો. ૨

અંજાઇ આડંબર મહીં પરનારીમાં અંધો ઝુલે,
વ્હોરી વિષયના વિષને નિજ ધર્મનો ધંધો ભુલે;
અપકિર્તીનો આવી પડેલો ડાઘ શાથી કાઢવો,
એદી અને કો આ આળસુ વૈરાગ્ય શોધે લાડવો. ૩

નહિ હાથ ધરતાં ઉદ્યમો ધરણી પરે ભટકયા કરે,
નિરૂદ્યમીની છાપથી સ્નેહી સહુ નીંદા કરે;
ભોજન અને વ્યવહારનો નિજ, ખર્ચ કયાંથી કાઢવો,
એદી અને કો આળસુ વૈરાગ્ય શોધે લાડવો. ૪

નહિ વ્યર્થ વાણી કાઢજે જોજે વિચારી તત્વને,
સંસારને સેવ્યા છતાં પામી શકે તું સત્વને;
" જેજે થતું જેથી ખુશી તે યત્ન શોધી કાઢવો."
એદી અને કો આળસુ વૈરાગ્ય શોધે લાડવો. ૫

नकी तारे जवानुं छे !

ગઝલ.

અરે ! હેવાન કાં ભુલે ! ગમારો સાથમાં ફુલેઃ
વૃથા શું જગતમાં ઝુલે ! નકી ત્હારે જવાનું છે ! ૧

કુસંગી થઇ ફરેકાંતું ! ! પ્રભુડરથી ડરે ના તું;
વૃથા આયુષ વહી જાતું, નકી ત્હારે જવાનું છે ! ૨

વસીલાં ને વગા ભારે, ભલી ભાળું ઘણી ત્હારે;
છતાં કોદી વગા હારે ! નકી ત્હારે જવાનું છે ! ૩

સરાફી સાહ્યબી તારી ઘણા મ્હેલો ઘણી બારી,
પુરી દુધપાકને ધારી મુકી ત્હારે જવાનું છે ! ૪

ફરેશું ફાંકડા થઇને, ફુલેશું માંકડા વહીને;
જવાનું રાંકડા થઇને, નકી ત્હારે જવાનું છે ! ૫

કદી ગર્વે તણાતોના, વ્યભીચારી ગણાતોના;
દીવાનીમાં જણાતોના, નકી ત્હારે જવાનું છે ! ૬

કદી આજે કદી કાલે, જવાનું છે જ આ હાલે;
કરીલે શ્રેષ્ઠ ના માલે, નકી ત્હારે જવાનું છે ! ૭

અરે ! કાંતું જતાંપાસે, ડરીને નાથથી નાસે !
કદી નાસી કહાં જાસે ! નકી ત્હારે જવાનું છે ! ૮

કરીજા શ્રેષ્ઠ કૃત્યોને, દિપાવીજા તું સત્યોને;
હૃદેના ધાર નૃત્યોને, નકી ત્હારે જવાનું છે ! ૯

કદી કલ્પાન્ત કરતોના, થતાં દેહાન્ત ડરતોના;
વિધીનો લેખ ફરતોના, નકી ત્હારે જવાનું છે. ૧૦

स्वर्गनी खोराकी !

रामग्री.

પુરવે કરેલાં પુન્યથી, પામ્યો મનુષ્યા તું દેહ;
ફણી થઇને શું ફરે; નથી કરતો સ્નેહ--પૂર્વે૦
વેશ પડે જયારે નામના, ત્યારે હરી ઝાલે હાથ;
તમને કે'તાં શું થાય છે ? વ્હાલો વૈકુંઠ નાથ--પૂર્વે૦
મર્ણુ ભમે છે તુજ શીરે જોને આવશે કાલ;
દારૂણ પાપ હાથે કરી જાવું આજ કે કાલ--પૂર્વે૦
સગા સ્નેહી સહુ સ્વાર્થના મળ્યો આ સંગાથ;
જીવ ત્હારે જાવું એકલા લેઇ ધર્મને સાથ--પૂર્વે૦
ગુમાવે વ્યર્થ ના ઘડી આછે પળ અમુલ્ય;
રુપિયાને અહીંયાં મૂકી જાવું છે ના ભુલ--પૂર્વે૦
નંદકીશોર પ્રતાપથી, મુકી વાયદા કાલ;
દાનને ધર્મ ભાતું બધું સજીલે "શંકરલાલ"--પૂર્વે૦

"शशिकान्त."

अमारा निंदकने दिर्घायु अभिनंदन !

ગઝલ.

અમારી જે કરે નીંદા,
હશે ફરતો મૂકી ધંધા;
વખોડે દુર્ગુણો ખારા,
ઘણું તું જીવજે પ્યારા ! ધ્રુવ૦
બચાવીને વખત ત્હારો,
ભલો તું બોધ દે સારો;

ભુલુ ક્યાં ગુણુ હું તારા,
ઘણું તુ. જીવજે પ્યારા। અમારી૦
ભુલો થાતી અમારીજે,
જણાવી જગતને રીઝે;
ગુમાવે દીન તું સારા,
ઘણું તું જીવજે પ્યારા ! અમારી૦
હશે જે બાયલા લોકો,
ત'ને દેશે નકી ધોકો;
અમે ના કાંઈ કે'નારા,
ઘણું તું જીવજે પ્યારા। અમારી૦
અમુલ્ય વખ્ત ખુએછે,
અમારૂં પાપ ધુએછે;
શીરે તે'ના લઇ ભારા,
ઘણું તું જીવજે પ્યારા ! અમારી૦
વિનંતી વિભુને એવી,
દયા દીલે પુરી લેવી;
કંઇ દીનો લઇ મારા,
ઘણું તું જીવજે પ્યારા। અમારી૦
ચિરાયુ હો। ચિરાયુ હો।
કદીના આંચ તું આવે;
થજો રક્ષા પ્રભુદ્વારા,
ઘણું તું જીવજે પ્યારા ! અમારી૦
કહી ઉર્મી શશીકાન્તે,
વદેછે કાવ્યને અંતે;
ભલુંહો ! ભાગ્યમાં તારા
ઘણું તું જીવજે પ્યારા ! અમારી૦

" મ્હોટા થવામાં દુઃખ છે "

મિશ્ર હરિગિત.

કંઇ આશ કરજે ના કદી મ્હોટી અને મ્હોટાઇની.
તું આશ ધરજે તુજ હ્રદે છોટી અને છોટાઇની;
મ્હોટા થયા માર્યાગયા કંઇ કંઇ જનો નિહાળતો
મ્હોટાઈ જે સંકટ ધરે તે આજ ચક્ષુ ભાળતો. ૧

"આકાશ મહીં તારા જુઓ સુખે ચળકતા જાયછે"
"મ્હોટા થયા ચાંદા સુરજ તો રાહુથી ઘેરાય છે,"
છોટા તણી છોટી ઉપાધી જલ્દી પાર પમાડતી,
મ્હોટી ઉપાધી કોઈ સમયે રૂન ચૌદ ચખાડતી. ૨

અણચિંતવ્યાં આવી પડે કષ્ટોજ મ્હોટા પાસમાં,
રે' રે' વિપત્તિ બહુ ભરી મ્હોટાઇના છે પાશમાં
"સર્વસ્વ મ્હારી જીંદગી છોટાઈ (માં) ગુજારજે'
"છોટા થઈ મ્હોટા થવાની આશ હ્રદયે ધારજે" ૩

॥ समयछे शाख घडवानो ॥

ગઝલ.

યુવાની જ્યોત છે ઝાઝી, ભલે હો ! રંક કે કાઝી !
નથાપી માર પડવાનો, સમય છે શાખ ઘડવાનો ! ધ્રુવ.
યુવાની એ તમારીને, પ્રહો પાસે સમારીને;
અજાણે ડાઘ અડવાનો, સમય છે શાખ ઘડવાનો ! યુ.
પ્રિયાને પારકી દેખી, જુએ છે શીદને પેખી,
સમજરે ! સ્ત્રાવ જડવાનો, સમય છે શાખ ઘડવાનો ! યુ.
અહા જે કિંમતી હીરો ! ગુમાવો ગાંઠનો વીરો !
કહો કે એ શું કરવાનો, સમય છે શાખ ઘડવાનો ! યુ.
યુવાની જાય છે ચાલી, રહોછો હાથથી ખાલી;
વખત છે આજ રળવાનો, સમયછે શાખ ઘડવાનો ! યુ
ભલાં જે દેશનાં કાર્યો, બચાવી જે રહ્યા આર્યો,
નહિ કાં સ્હાય કરવાનો, સમયછે શાખ ઘડવાનો ! યુ.
તુમારા દેશના હિન્દુ, ડુબેછે દુઃખના સિંધુ;
નહિ કાં હાથ ફરવાનો, સમયછે શાખ ઘડવાનો ! યુ.
જનો વિદ્વદ્ ગણાવાને, અને ભકતે જણાવાને,
પ્રણવમંત્ર ભણવાનો, સમયછે શાખ ઘડવાનો ! યુ.

मायामां लुब्ध थता मनने !

पद.

મનડા મારા રામ રટ...ન કર સાચું,
આ સંસારે દેખાતું સુખ કાચું રે— મનડા.

સંસારી જે દુર્ઘટ માયા ત્હેને ત્હારી ધારે,
નાથ નિરંજન રટલે સાચો, એહી પાર ઉતારે. મ૦

માત તાત સુત સગા સ્નેહી સ્વારથથી જો વળગ્યા,
જાતાં દેશે આગ મુકીને દેખી ભડકા સળગ્યા. મ૦

ગાડી ઘોડા મ્હેલ બગીચા એ સ્વપ્નાના ખેલો;
જોને ! સઘળું અહીંયાં મુકી જાવું મોડા વે'લો. મ૦

તૃષ્ણાના સાગરમાં ડુબતો વારે ઘડીએ ભાળુ;
"શશિકાન્ત" કે' મળ્યું પછી એ એક સમયનું વાળું મ૦

पूज्य मामाश्रीने !

शार्दुल.

ગોત્રે કશ્યપ વૃત્તિ શાન્ત વિનયી શાખા ભલી માધ્યની,
શર્મા "ઇશ્વરલાલ" યાદ ધરતાં ઉર્મી ચુકું વાક્યની;
વેદે નામ ધરી દ્વિતીય ગણુના મૂકી બધી ફંદના.
યોજેલા ઉપકાર આજ સ્મરતાં પ્રેમે કરૂ વંદના !

किरतार विना शिर ना नमतुं !

તોટક.

જગતાત ભણી મન છે ભમતું
પ્રભુ આશ વિના કંઈ ના ગમતું;
કંઈ મિષ્ટ પ્રભુ વિણ ના જમતું,
કિરતાર વિના શિર ના નમતું. ૧

તુજ કાજ ભલે કંઈ વાપરતું;
કંઈ કષ્ટ પડે પણ ના ડરતું;
પ્રભુ ભક્તિ વિના મનના શમતું,
કિરતાર વિના શિર ના નમતું. ૨

થઈ શાન્ત ચિતે હરિને ભજ તું,
ગઇ ગાન અને ડમરૂં બજતું;
લઈ જ્ઞાન અને હરિમાં રમતું,
કિરતાર વિના શિર ના નમતું. ૩

શિરતાજમણી વિણુ ના ગમતું;
પ્રભુ કાજ ભલે વન ભાટકતું;
થઈ દાસ અને સઘળે ભમતું,
કિરતાર વિના શિર ના નમતું. ૪

શઠ લોક ભલે લવરી કરતું।
બકવાદ કરી મન ના ફરતું।।
તુજ નીંદકને કદિ ના દમ તું।
"शशिकान्त" પ્રભુ વિણુ ના નમ તું! ૫

લક્ષ્મી સામ્રાજ્ય !

શિખરિણી.

ખરે લક્ષ્મી આજે અચરજ જણાએ જગતમાં,
નહિ જેની પાસે પશુવત્ ગણાએ જગતમાં;
નથી જ્યારે હોતી પગરવ નથી ક્યાંય ઠરતો,
હશે જ્યારે પાસે જન સમુહ રે'રોજ ફરતો. ૧

તમોને સર્વેએ વધુ વધુ નમીનેજ ફરશે,
તમારાં કાર્યોને કર ધરી હસીનેજ કરશે;
નહિ હોયે પાસે વિત કદીજ ઉભાં નહી રહે,
અને દુઃખી થાતાં નહિ કદિ તમારો કર ગ્રહે. ૨

પ્રતાપી લક્ષ્મીની ખરર સરિતા જ્યાં વહી જતી,
તહાં તેની પાસે અવનવિ પ્રતાપી રજ થતી;
ઘણાએ ઉદ્યોગી હરનિશ હુએ ખંત કરતા,
પ્રતાપે રેતીના જગમહીં ઘણી મોજ કરતા. ૩

ભલે સંતો નીંદે પણ ખપ અહીં રોજ પડતી,
ખરે લક્ષ્મીવીના હરકત ઘણી રોજ નડતી;
અને તેના માટે જન દુર વસે છે ઘર મુકી,
અરે ! કોને તેની જરૂર પડતી છે નહિ નકી. ૪

મહેતા નૃસિંહને ખપ વસુની જ્યારે પડી હતી,
તહારે બેઠાતા સ્મરણ કરવા શ્રીહરિ કરી;
કદી જો મૂકયાતો વસુ* ઘર વસુ× રે હત ભરી,
નહિ કૃષ્ણ જાતે વન ઉપવને ગૌ કર ધરી ! ૫

---

* વાસુદેવ. × પૈસા.

હુતા જો ભર્યાતો નહિ કદી મહુમ્મદ ગિઝનીની;
અરે ! હિન્દુસ્તાને સરસ દિશ લુંટેજ શિદની !
ખરે તેના માટે પરબળ નરો દીપ જગવે,
અને તેના કાજે સનરથ જનો ભીખ મગવે. ૬

બિચારા ભિક્ષુકો કરગરી ઘણો ઘોર કરતા,
અને લક્ષ્મી કાજે ઘરઘર ફરી ખોજ કરતા;
તથાપી ના માને નિરખ રજ ભક્તિ ભગતની,
સદાછે આ સર્વે રમત મન લક્ષ્મી જગતની ! ૭

संबंधीना लग्न प्रसंगे !

શાર્દુલ.

પાત્રો પ્રેમ થકી પુર્યા જમણનાં શાકો ભલાં સ્વાદમાં,
સ્નેહે તૃપ્ત કરે ક્ષુધા વિનયથી શ્લોકો તણા નાદમાં;
વારિ પાન વડે થતી શિતળતા ઉર્મી ઉછાળા કરે,
કિર્તિવંત થજો વધુ યુગલથી એવું વધું " શંકરે "

रमणिय निशा !

શિખરિણી.

હતો જ્યારે બેઠો હરખથી કિનારે નદી તણે;
હતી રાત્રી દીવો નદવહન થાતું ધીમુ ઘણે;
ઘણું વ્હાલો જીવો શશિ મુખજ જોતો જળ થળે,
નિહાળ્યા મ્હેં તારા શશિ વદન પાસે પળ પળે. ૧

ઝુકી ઝાઝી ઝાડી દરશતી હતી તે નળ+ વિષે,
ઉછાળા મારે ત્યાં હરદમ સુભાવો હર વિષે;
અરે ! નક્કી જોતો ગગન રમણુ છે વળી વળી,
અને અને પારે રે'તાં વનચર બધાંએ હળી મળી. ૨

તહાં પાણી પીતાં નિડરથી સુધાત્રે નદી પરે,
નિહાળ્યાં નક્કીમેં રઝળત ઝપાટે ગિરિ પરે;
પછી જાતે જોઇ નવ નવીજ મુર્તિ હરિતણી,
હતી તે જે સ્થાને હરતણુ દેહરૂં લીધુ ગણી. ૩

× નાળાં—વાંધાં. ચોમાસામા નાળાંમાંથી નદીમાં સુસવાટા બંધ પાણી આવે છે તેથી તેને નદીના નળ કલ્પ્યા છે.

લી૦ કર્ત્તા.

પરચુરણ.

દોહરા.

રચમશા- પ્રશ્ન.
મેં જોયું કૌતુક નવું જાતોતો વન સેંજ;
પ્રાણી દુરથાં બે જતાં દેખાતા નર બેજ. ૧
અશ્વ ઉપર હાથી અને ચાલે બિન તકરાર;
કહો ભાર ઉઠાવીઓ કેમ કરી તે વાર ? ૨

ઉત્તર,
એનો ઉત્તર એજકે હાથી નામ પટેલ;
અશ્વ ઉપર બેસી અને ગ્યાતા કરવા સેંલ. ૩

ભોળાભાવે જે ભજે, પ્રતિદિન રાખી પ્યાર;
માતૃપણાના સ્નેહમાં, કરે કાર્ય કિરતાર. ૪
મોતી મોઘા મુલ્યનું, હંસ તણો ખોરાક;
સિંહ તણા નહિ કામનું રાખ ગણે વનરાજ. ૫

દુર્જનને અહુએ કહ્યું કદિ ન ધાર્યું કાન;
બાધે શૉર પાકીગયું, તોપણ નાવી સાન. ૬

પ્રતિદિન તું ચિંતા કરે સુઝે ન કાંઇ ઉપાય;
યાદ કરે ધરણી પતી તો તુજ શ્રેયસ થાય. ૭

તું ધારે ધડવા થકી થાઉ પળે ધનવાન;
જ્ઞાતા બેઠો તુજ શીરે, યાદ ધરે હેવાન ! ૮

રોગીને !

હરિગીત.

જે પૃથ્વીથી પેદા થઇ જે પૃથ્વીનું પાણી પીધું,
જે પૃથ્વીના પરમાણુંથી દીલ આપણું નિર્મી દીધું;
જે દેશના વાતાવરણ મધે રહીને પરવરો,
તે દેશની દેશી દવા દીલ દર્દ હરવા વાપરો. ૧

જે દેશના શુભ અન્નથી નસનસ શરીર પુરાયુ છે,
જે દેશ કેરી ઔષધીથી હાડ નિજ બંધાયું છે;
દેશી દવાના શાસ્ત્રમાં શંશય રહીત શ્રદ્ધાકરો,
નિજ દેશની દેશી દવા દીલ દર્દ હરવા વાપરો. ૨

સુખ કારીણી દુઃખ હારીણી વળી ધર્મ આજ્ઞા ધારીણી,
અમૃત્વ ભવજળ તારીણી સૌ રોગ શોક વીદારિણી;
સૌર્યત્વનાં બળ આપતી ઉત્થાપતી નિર્બળ ઝરો,
નિજ દેશની દેશી દવા દીલ દર્દ હરવા વાપરો. ૩

જ્યાં હાડ માંસ રૂધીરનું અસ્તિત્વતે પ્રત્યક્ષ છે,
જેને કહ્યું નિષ્પક્ષ રીતે દ્વિજને દુર્લક્ષ છે;
ઉચ્છેદતી નિજ ધર્મને એવી લિપે કાં પગ ભરો,
નિજ દેશની દેશી દવા દીલ દર્દ હરવા વાપરો. ૪

વાગભટ ચરક શારંગધર શુશ્રુતને નથી જાણતા,
કે શું હશે ધન્વન્તરિ જરીએ નથીજ પ્રમાણતા;
એવા ઉટંગ કુવૈદનાં સુણી વાકયને દીલથી ડરો,
નિજ દેશની દેશી દવા દીલ દર્દ હરવા વાપરો. ૫

ઉષ્ણ મધ્યાન.

શિખરિણી.

પ્રતાપી ભાનુની અવનવી કળા શોર મચવે,
બિચારા પંથીકો કરગરી ઘણા ઘોર જગવે;
જનો છાયા માટે અહીં તહીં તરૂ શોધ ફરતાં,
છુપાયેલાં પંખી જનરવ થકી રોજ ડરતાં. ૧

તૃષાથી પીડાતા જન કંઇ ઘણે દુર ભટકે,
નવાણુ ના જોતાં ફરફર કરી ત્યાંજ અટકે;
વિના વસ્ત્રોવાળા વનચર વને રોજ ફરતા,
અને એ ઉદ્યોગી વનફળ તણા શોધ કરતા. ૨

ઘણી અગ્ની જ્વાળા ઝળહળ થતી આજ નડતી,
અને ત્હાં વૃષ્ટીમાં ગરગર થઇ રેત પડતી;
ઝપાટે વાયુના સરર સરિતાઓ વહી જતી,
જનોઆજે ક્ષુધાર્થી અતિરથિ જણાતા નહિ રૂચતી. ૩

પીડાતાં મધ્યાન્હે બહુ જન અહીં દૃષ્ટિ કરતાં,
નિરાંતે બેઠેલાં પશુ યુથ થઈ શાન્ત ચરતાં;
હરિ ત્હારી માયા વિલજન કોઈ કળી શકે,
વીના ત્હારી છાયા નહિ દુઃખદ મધ્યાન સહી શકે. ૪

સુખોના મધ્યાન્હે અનુભવ કરે રાજ્ય સુખનો,
દુઃખોના મધ્યાન્હે જન સહુ ભજે શોક દુઃખનો;
પ્રભુ દેજે છાયા કદી નવ પડે કષ્ટ સુજને,
અને દેજે શક્તિ હરનિશ કરૂં યાદ તુજને. ૫

॥ आम्र तरुने ॥

(ઉસ તન ધનકી કૌન બડાઇ—એ લય.)

ધન્ય તરૂ પરશ્રેય વિચારી,
જાત લીધી તુજ જોઉ ખુવારી;
પર ઉપકારી જોઉ તરૂમાં,
આમ્ર તરૂ નિજ જાત સુધારી. ધન્ય૦

પર ઉપકારે જે જન હુઠતો.
તે ખર ધારૂં તુંથી હુઠતો;
જન ઉપકારે કાં'નર ડગતો,
તે દૃષ્ટાન્ત તું છે ઝગઝગતો. ધન્ય૦

અનહદ પત્થર માર સહીને,
રે' કોઈ વખતે વાંસ ગ્રહીને;
અમૃતફળ બદલે દે ચ'હીને,
એ તુજ જાત સુ કાં'રે' કુપન્ને! ધન્ય૦

વર્ષાને શિતળતા સહીને,
હે! કડકડતો તાપજ ગ્રહીને;
સાનંદે ઝુલતો ફળ દઈને,
જો યાચે નિપજેલાં જઇને!! ધન્ય૦

માળા.

ઢીંચ.

ભજીલ્યોને। માળા સીતા રામનીરે। (૨)
કુડી કાયાછે હાડકા ચામની રે।--ભજી૦

ભવસાગર બંધોને તોડતીરે (૨)
પુરે પ્રેમ પ્રભુ સાથ જોડતી રે।--ભજી૦

ભલી નીતિનો સ્વાદ ચખાડતીરે ! (૨)
રૂડા વૈકુંઠ દ્વાર પહોંચાડતીરે।--ભજી૦

દેવ દર્શનની ભાવના ભાખજોરે। (૨)
સાથે તુળશીની માળા રાખજોરે।--ભજી૦

કળી કાળની માળા ગુરૂ દ્વાર છેરે। (૨)
પ્રભુ જીતવાનું એ હથીયાર છેરે।--ભજી૦

"શંકરલાલે" માળા કહી કામનીરે। (૨)
રટીલ્યોને। પ્રભુજીના નામનીરે।--ભજી૦

आत्म संबोधन !

ઘોળ.

જીવ જાવું હરિ પાસ એક...લા,
કર્યાં કૃત્યનો દેવો જવાબ–કુડ નવ કીજી...એ.

સગાં સ્નેહી સહુ મળયાં સ્વાર્થ...નાં,
નહિ લેશે કુડાં કૃત્ય ભાગ. કુડ૦

જીવ કાળ રહ્યો છે શીરે ભ...મી,
દોરી તુટી કે તાણે હાલ-- કુડ૦

મીથ્યા હું'પદનો ભારો ભ...ઈ,
ભમે શ્વાન કરે અભીમાન-- કુડ૦

રીપુ કામને ક્રોધ વાંસે પ...ડયા,
લોભ મોહને મત્સર જાણ— કુડ

જાદુ માયા જણાવેછે કાર...માં,
યોગી હાર્યા મૂકી દઈ ધ્યાન— કુડ૦

જળસિંધુ તરાયે સેજ...માં,
ભવસાગર ભારે જણાય— કુડ૦

લેઈ સદ્ગુરૂ તણો આશ...રો,
દયા ધર્મની નાવડી બાંધ— કુડ૦

ભક્તિ ભાવ તણા સઢ ઉપ...રે,
ગુરૂ જ્ઞાનનો પવન ફૂંકાય— કુડ૦

"शशिकान्त."ગુરૂ કીરપા થકી,
નાવ વૈકુંઠ પહોંચી જાય— કુડ૦

चिंताग्रस्त मनने !

(નર તું શિદને ચિંતા કરે–એ લય.)

મન તું શીદને ચિંતા કરે, હરિને કરવું હોય તે કરે–ટેક૦
હવાઈ કિલ્લા, જળ તરંગો જોને તુજમાં ફરે;
ભલભલા તા'રા ભારે વિચારો આખર ધુળમાં ઠરે–મ૦

દુઃખી દરિયાના દુઃખી મોજામાં દુઃખી નાવડી તરે;
પ્રભુ ધારેતો પળજ એકમાં સુખના પવને ઠરે–મ૦

રાત દિવસ ચિંતામાં રઝળે પ્રભુને કાં નહિ સ્મરે !
અંત વખતનો એ છે સાથી રામ નામથી તરે–મ૦

જીવજંતુની અગણીત જાતો વન વગડે જો ફરે;
તે તો કરતાં નથી કંઈ ચિંતા વખતે આવી મળે–મ૦

ચિંતા તારી કામ ન આવે, તું ચિંતા કાં ધરે !
અગણીત જીવનો જેછે પાલક તે ચિંતામાં ફરે–મ૦

નાથ નિરંજન નામ રટીલે ચિંતા કંઈના કરે;
" शशिकान्त " કે' કૃપા કરેતો તું ભવસાગર તરે–મ૦

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થનાર આશ્રયદાતાઓનાં મુબારક નામની યાદી.

નકલ— નામ.

૫ શ્રીમદ્ યોગેન્દ્ર શ્રી ૧૦૮ મહારાજ બુદ્ધિસાગરજી.

આજોલ.

૫ શ્રીમદ્ યોગેન્દ્ર શ્રી સ્વામી સદાશીવ સરસ્વતીજી.
૫ રા૦ ચીમનલાલ છગનલાલ પટેલ.
૫ રા૦ અંબાલાલ પુરૂષોત્તમ લુવાણા.

નડીયાદ.

૫ રા૦ ચુનીલાલ બાધલરામ માસ્તર.
૫ રા૦ મણીશંકર હરિરામ જોષી.

નાંદોલ.

૧૦ મહારાજ શ્રીમાન્ નટવરલાલજી ડિ૦ તત્વવેત્તા. વ્યવસ્થાપક શ્રી સત્યસાધક અધિકારિ મંડળી.

ગવાડા.

૫ રા૦ મોતીજી ડુંગરજી.

વરસોડા.

૫ પંડિત ભોળાનાથ શર્મા.

બેરાજા (કચ્છ)

૫ ૨૧૦ ખેતસિંહ કરમસિંહ શાહ.

ચરાડા.

૫ ૨૧૦ કચરાભાઇ મૂળદેવ જયાની.
૫ ૨૧૦ ગોવરધન ઉત્તમરામ યાજ્ઞિક.
૫ ૨૧૦ અમથાભાઇ જીવરાજ પટેલ.
૫ ૨૧૦ કચરાભાઈ સાંકાભાઇ પટેલ.
૫ ૨૧૦ તુળશીદાસ પ્રેમચંદ શાહ.

બોરસદ.

૫ ૨૧૦ ભાઇલાલ છગનલાલ મુખ્યાજી.